# દિલ્હી ચૂંટણી માટે ચૂંટણી ઢંઢેરો જારી ન કરવા ભાજપનો નિર્ણય

નવી દિલ્હી,તા. ૩૦

દિલ્હી વિધાનસભાની ચૂંટણી નજીક પહોંચી ગઈ છે ત્યારે ભાજપ અને એએપી વચ્ચે એકબીજાને પછાડવાની રણનીતિ ઘડવામાં આવી રહી છે. હવે ભાજપે દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી ઢંઢેરો જારી નહીં કરવાનો નિર્ણય કર્યો છે. આના બદલામાં એએપીના નેતા અરવિંદ કેજરીવાલને દરરોજ પાંચ પ્રશ્નો પુછવામાં આવશે. ભાજપ પ્રમુખ અમિત શાહે પક્ષના વરિષ્ઠ સાથે સમીક્ષા બેઠક યોજી હતી જેમાં કેબિનેટ પ્રધાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય પાટનગરમાં પક્ષના વડા મથક ખાતે આ બેઠક યોજાઈ હતી. પાર્ટીએ જાહેરાત કરી છે કે, તે દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે કોઈ ચૂંટણી ઢંઢેરો જારી કરશે નહીં. આના બદલામાં એક અથવા બે દિવસમાં શહેર માટે વિઝન દસ્તાવેજ જારી કરશે જેમાં લોકોના કલ્યાણ અને વિકાસ માટેની રૂપરેખાનો ઉલ્લેખ રહેશે. બેઠક બાદ કેન્દ્રીય પ્રધાન અને પક્ષના વરિષ્ઠ નેતા અનંતકુમારે કહ્યું હતું કે, દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે અમે પહેલાથી જ કોઈ ચૂંટણી ઢંઢેરો જારી કરીશું નહીં. બદલામાં વિઝન ડોક્યુમેન્ટ જારી કરવામાં આવનાર છે. પાર્ટીએ આગામી ચૂંટણી માટે ટાર્ગેટ નક્કી કર્યું છે. તેમણે કહ્યું હતું કે, અનેક કેન્દ્રીય પ્રધાન સહિત ૧૨૦ સાંસદોને આગામી થોડાક દિવસમા દિલ્હી ચૂંટણી માટે મેદાનમાં ઉતારવામાં આવશે. ભાજપે તમામ કેન્દ્રીયપ્રધાનો અને સાંસદોને મેદાનમાં પ્રચાર માટે શા માટે ઉતાર્યા છે તેઅંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, અમે બેતૃતિયાંશ બહુમતિ સાથે જીત મેળવવાની યોજના ધરાવીએ છીએ. ઐતિહાસિક જીતની ગણતરી છે. સંપૂર્ણતાકાત સાથે મેદાનમાં ઉતરીશું. કુમારે કહ્યું હતું કે, પ્રચાર માટે ૧.૨૦ લાખ બૂથ ઈન્ચાર્જ અને પન્ના પ્રમુખોને પણ રોકવામાં આવ્યા છે. જે શહેરમાં ભાજપની યોજના અંગે લોકોને માહિતી આપશે.



તેમણે કહ્યું હતું કે, પાર્ટી દરેક મતવિસ્તારમાં ૧૦૦૦ પોસ્ટરો પણ મુકશે. પાર્ટીઓ દરરોજ એએપીને અરવિંદ કેજરીવાલને પાંચ પ્રશ્ન પુછવાનો નિર્ણય કર્યો છે. છઠ્ઠી ફેબ્રુઆરી સુધી પ્રશ્નો કરવામાં આવશે. રાજીવ પ્રતાપ રુડીએ પત્રકાર પરિષદ યોજી રીતે અને કેજરીવાલને આજ માટે પ્રશ્નો કરવામાં આવ્યા હતા. દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે ભાજપે આક્રમક રણનીતિ તૈયાર કરી લીધી છે. એએપી અને ભાજપ વચ્ચે સીધી સ્પર્ધા દેખાઈ રહી છે. હજુ સુધીના પ્રચારમાં બંને પક્ષો એક સાથે રહ્યા છે. મુખ્યમંત્રી પદના ઉમેદવારો કેજરીવાલ અને કિરણ બેદી વચ્ચે સીધી સ્પર્ધા દેખાઈ રહી છે.

# ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપ હવે ભારતમાં યોજાશે

નવીદિલ્હી,તા. ૨૯

ક્રિકેટના ક્ષેત્રમાં ભારતને મોટી સફળતા હાથ લાગી ગઈ છે. કારણ કે, આઈસીસી ટ્વેન્ટી વર્લ્ડકપનું આયોજન ભારતમાં થશે તેવી જાહેરાત આઈસીસી દ્વારા કરવામાં આવી છે. માર્ચ-એપ્રિલ ૨૦૧૬માં આનું આયોજન ભારતમાં કરવામાં આવશે. આગામી ટ્વેન્ટી વર્લ્ડકપ ૧૧મી માર્ચથી ત્રીજી એપ્રિલ વચ્ચે રમાશે. આઈસીસી બોર્ડ દ્વારા આજે બેઠક યોજાયા બાદ આની જાહેરાત કરાઈ હતી. ૨૦૧૫માં

## આઈસીસી ક્રિકેટ કાર્યક્રમ

- આઈસીસી વર્લ્ડ ટ્વેન્ટી ૨૦૧૬ ભારતમાં ૧૧મી માર્ચ ૨૦૧૬થી યોજાશે
- આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૧૭નું આયોજન ઈંગ્લેન્ડમાં પહેલી જૂનથી ૧૯મી જુન વચ્ચે કરાશે
- આઈસીસી અન્ડર ૧૯ ક્રિકેટ વર્લ્ડકપ ૨૦૧૮ ન્યુઝીલેન્ડમાં ૧૨મી જાન્યુઆરીથી યોજાશે
- આઈસીસી વર્લ્ડકપની ક્વાલિફાયરની મેચો ૨૦૧૮માં પહેલી માર્ચથી બાંગ્લાદેશમાં યોજાશે
- આઈસીસી ક્રિકેટ વર્લ્ડકપ ૨૦૧૯નું આયોજન ઈંગ્લેન્ડમાં ૩૦મી મેથી કરાશે.
- આઈસીસી મહિલા વર્લ્ડકપ ૨૦૧૭નું આયોજન ઈંગ્લેન્ડમાં ચોથી ઓગસ્ટથી કરાશે

આઈસીસીની આ પ્રથમ બેઠક હતી જેમાં ઘણા નિર્ણયો કરાયા હતા. મારફતે નિર્ણય કરવાનો પણ નિર્ણય કરાયો છે. બેઠકમાં અન્ય વિવિધ પાસાઓ ઉપર નિર્ણય લેવાયા હતા. આઈસીસી વર્લ્ડકપ ૨૦૧૧ની ફાઈનલની જેવી જ નીતિ અપનાવવામાં આવશે. આઈસીસી બોર્ડે આઈસીસીની મેચોમાં સ્લોઓવર રેટ સાથે સંબંધિત આઈસીસી કોડ ઓફ કન્ડક્ટના ગુનાઓ મામલે પણ નીતિનિયમો હળવા કર્યા છે જેથી કેપ્ટનોને સ્લોઓવર રેટના મામલે વધારે મુશ્કેલી નડશે નહીં. આનો મતલબ એ થયો કે, તમામ કેપ્ટનો આઈસીસી વર્લ્ડકપ ૨૦૧૫માં તેમના નામની સામે ઓવર રેટ સ્ટ્રાઈક સાથે વિવાદમાં રહેશે નહીં.



તેઓને આઈસીસી ક્રિકેટ વર્લ્ડકપ ૨૦૧૫માં રમવાથી દૂર કરી શકાશે. ઓવર રેટને લઈને હંમેસા પ્રશ્નો થતાં રહ્યા છે. આઈસીસી ટ્વેન્ટી ક્વોલિફાઈડ મેચો આયર્લેન્ડ-સ્ટોકલેન્ડમાં ૨૬મી જુલાઈના દિવસે રમાશે. જ્યારે આઈસીસી અન્ડર ૧૯ ક્રિકેટ વર્લ્ડકપ બાંગ્લાદેશમાં યોજાશે. આઈસીસી વર્લ્ડ ટ્વેન્ટી ભારતમાં રમાશે. આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ઈંગ્લેન્ડમાં, મહિલા વર્લ્ડકપ ઈંગ્લેન્ડ, અન્ડર ૧૯ ક્રિકેટ વર્લ્ડકપ ન્યુઝીલેન્ડમાં રમાશે. આઈસીસી ક્રિકેટ વર્લ્ડકપ ૨૦૧૯ ઈંગ્લેન્ડમાં રમાશે. આનું આયોજન ૩૦મી મેથી ૧૫મી જુલાઈ ૨૦૧૯માં કરાશે. સુરક્ષા પાસાઓ ઉપર પણ ઘણા નિર્ણય કરવામાં આવ્યા છે.

# નિફ્ટી ૩૮ પોઈન્ટ સુધરી ૮૯૫૨ની ઉંચી સપાટીએ

મુંબઈ,તા. ૨૯

શેરબજારમાં આજે જોરદાર તેજી જોવા મળી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૧૨૩ પોઇન્ટ ઉછળીને બંધ રહ્યો હતો. સેંસેક્સ ૨૯૬૮૨ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી સતત ૧૦માં સેશનમાં તેજી સાથે રહ્યો હતો. અગાઉના બંધ આંકની સામે નિફ્ટી ૩૮ પોઇન્ટ ઉછળીને ૮૯૫૨ની સપાટીએ રહ્યો હતો. સતત ૧૦ દિવસથી તેજી નિફ્ટીમાં અગાઉ ૨૧મી માર્ચ ૨૦૧૪થી બીજી એપ્રિલ સુધી જોવા મળી હતી. બીએસઇ રિયાલીટી ઇન્ડેક્સમાં સૌથી વધુ ૩.૧ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ઓઇલ એન્ડ ગેસ, એફએમસીજી, હેલ્થકરે અને કેપિટલ ગુડ્ઝમાં જોરદાર તેજી રહી હતી. જાન્યુઆરીની સીરીઝની શરૂઆત ૮૧૦૦-૮૪૦૦



સાથે થઇ હતી. બેંકિંગ શેરોમાં જોરદાર ઉછાળો રહ્યો હતો. એચડીએફસી બેંકમાં ૩.૪ ટકા જેટલો ઉછાળો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થને લઇને હંમેશા ગણતરી રહે છે. આજે માર્કેટ બ્રીડ્થ તટસ્થ રહી હતી. ૧૪૫૨ શેરમાં મંદી અને ૧૪૨૪ શેરમાં તેજી રહી હતી. બ્રોડર માર્કેટમાં બીએસઇ મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૩ ટકાનો અને સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૧ ટકાનો ઉછાળો રહ્યો હતો. ઓરિયેન્ટલ બેંક ઓફ કોમર્સમાં ૧૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ટોરેન્ટ ફાર્માના શેરમાં છ ટકાનો ઘટાડો રહ્યો હતો. શેરબજારમાં તેજી રહેતા કારોબારીઓ ભારે ખુશ દેખાઇ રહ્યા છે. આરઆઇએલમાં ૨.૪ ટકાનો ઉછાળો રહ્યો હતો. આ ઉપરાંત આઇટીસી, કેપિટલ ગુડ્ઝમાં પણ ઉછાળો રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, શેરબજારમાં છેલ્લા આઠ દિવસથી ચાલી રહેલી તેજી ઉપર ગઇકાલે બ્રેક મુકાઇ હતી. પરંતુ આજે ફરી તેજી જોવા મળી હતી. ભારે ઉથલપાથલવાળા કારોબારના સેશન વચ્ચે સેંસેક્સમાં ગઇકાલે અંતે ઘટાડો નોંધાયો હતો. સેંસેક્સ ૧૨ પોઇન્ટ ઘટીને ૨૯૫૫૯ની સપાટીએ રહ્યો હતો. એક વખતે ૨૯૭૮૬ સુધી સેંસેક્સ પહોંચ્યો હતો. બીજી બાજુ નિફ્ટી ગઇકાલે ચાર પોઇન્ટ ઉછળીને ૮૯૧૪ની સપાટીએ રહ્યો હતો. સતત છઠ્ઠા સેશનમાં તેમં તેજી રહી હતી. આજે પણ નિફ્ટીમાં યથાસ્થિતિ રહી હતી. એપલ કંપની દ્વારા પરિણામ જાહેર કરાયા હતા જેના ભાગરુપે તેના વેચાણના આંકડામાં સુધારો થયો હતો. બીજી બાજુ ડિસઇન્વેસ્ટમેન્ટના કાર્યક્રમમાં પણ સરકાર આગળ વધી રહી છે.

# દિલ્હી ચૂંટણી : સંઘના લોકો પણ જોરદારરીતે સક્રિય થયા

નવી દિલ્હી,તા. ૨૯

દિલ્હી વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે હવે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના લોકો પણ બાજપને જીત અપાવવા માટે સક્રિય થઈ ગયા છે. સંઘના લોકો કઠોર ફરજમાં આવી ગયા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ હાલમાં ૮૪ પૂર્ણકાલિક પ્રચારક ભાજપના બુથ મેનેજર્સ સાથે મળીને દિલ્હીમાં લોકોના ઘેર ઘેર જઈને પ્રચાર કરી રહ્યા છે. ભાજપને વધુને વધુ સીટ મળે તેવો તેમનો હેતુ રહેલો છે. સંઘના મોટાભાગના પૂર્ણકાલિકો પર એક વિધાનસભા સીટની જવાબદારી રહેલી છે. આ લોકોને સુપર ક્લેકટર તરીકે પણ ગણવામાં આવે છે. આઠ મહિનાના ટુંકા ગાળામાં ચોથી ચૂંટણી યોજાઈ રહી છે. તમામ જગ્યાએ લોકો ભાજપને જીત આપી રહ્યા છે. મોટા ભાગના પૂર્ણ કાલિક ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને હરિયાણાના હોવાનુ જાણવા મળ્યું છે. આ તમામ લોકો મોટા ભાગે સંઘને સંપૂર્ણપણે સમર્પિત રહે છે. આમાં કેટલાક બિનપરિણિત રહે છે. જ્યારે કેટલાક પરિણિત હોવા છતાં પરિવારમાંથી બ્રેક લઈને પહોંચે છે. દિલ્હી ચૂંટણી માટેનો તખ્તો ગોઠવાઇ ગયો છે. આ વખતે દિલ્હીમાં ભાજપ અને એએપી વચ્ચે તીવ્ર સ્પર્ધા જોવા મળી રહી છે.

દિલ્હીમા હજુ સુધી કરવામાં આવેલા મોટા ભાગના સર્વેમાં ભાજપ અને એએપી વચ્ચે તીવ્ર સ્પર્ધા જોવા મળી રહી છે. આવનાર દિવસોમાં બન્ને પક્ષો વધુ આક્રમક પ્રચાર કરવાના મુડમાં દેખાઈ રહ્યા છે. દિલ્હીમાં એએપીના અરવિન્દ કેજરીવાલ અને ભાજપના મુખ્યપ્રધાનપદના ઉમેદવાર કિરણ બેદી વચ્ચે વચ્ચે સીધી સ્પર્ધા રહેલી છે.

# ગ્રામીણ -અર્ધશહેરી ક્ષેત્રમાં નો ડ્યુઝ જરૂરી રહેશે નહી

મુંબઈ,તા. ૨૯

રિઝર્વ બેંકે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રહેતા સામાન્ય લોકો માટે બેંકો પાસેથી લોન મેળવી લેવાની પ્રક્રિયાને વધુ સરળ બનાવીને હવે નો ડ્યુઝ સર્ટિફિકેટની જરૂરીયાતની વ્યવસ્થાને ખતમ કરવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્રિય બેંકે જાહેરનામુ જારી કરીને સુચના આપી છે કે હવે આ ક્ષેત્રના અરજીદારો પાસેથી બેંક નો ડ્યુઝ સર્ટિફિકેટ માંગશે નહી. લોનની રકમ ખુબ મોટી રહેવાની સ્થિતીમાં પણ આ પ્રમાણપત્રની માંગ કરવામાં આવશે નહી. લોકોને આ પ્રમાણપત્ર મેળવી લેવામાં ઘણી તકલીફ થઇ રહી છે જેથી આ વ્યવસ્થાને દુર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગ્રામીણ અને અર્ધશહેરી વિસ્તારોના લોકોને આમાં સૌથી વધારે તકલીફ પડી રહી હતી. આ અગાઉ માત્ર ગ્રામીણ અને અર્ધશહેરી ક્ષેત્રમાં ૫૦ હજાર રૂપિયા સુધી લોન લેનાર ખેડુતોને પ્રમાણપત્ર આપવામાં રાહત મળેલી હતી. વધુ લોન લેનારને આવા પ્રમાણપત્ર આપવાની જરૂર પડતી હતી. આવી સ્થિતીમાં સામાન્ય લોકોને ઘણી તકલીફ થતી હતી. આરબીઆઇના જણાવ્યા મુજબ ગ્રામીણ અને અર્ધશહેરી ક્ષેત્રોમાં કોઇ વ્યક્તિ, સેલ્ફ ફાયનાન્સ ગ્રુપ અને જોઇન્ટ લાયબિલિટી ગ્રુપ દ્વારા લેવામાં ાવતી લોન માટે નો ડ્યુઝ સર્ટિફિકેટની જરૂરીયાતને ખતમ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અન્ય અરજીદારો માટે નિયમો યથાવત રહેશે. રીઝર્વ બેંકે કહ્યુ છે કે ટેકનોલોજીના યુગમાં બેંકો દ્વારા એવી ચકાસણી કરવી જરૂરી છે કે કોઇ અરજીદાર પર કોઇ જુનુ દેવુ છે કે કેમ. રીઝર્વ બેંકે કહ્યુ છે કે સરકારી યોજના હેઠળ આપવામાં આવતી લોન પર પણ એ વખત સુધી નો ડ્યુઝ સર્ટિ આપવાની જરૂર પડશે નહી જ્યાં સુધી તેનો ઉલ્લેખ કરવામાં ન આવે. રીઝર્વ બેંકની નવી હિલચાલથી સામાન્ય લોકોને મોટો ફાયદો થઇ શકે છે.

# કર્નલ એમ.એન. રાયને બહાદુર દિકરીએ સેલ્યુટ કરીને આપી અંતિમ વિદાય

નવી દિલ્હી, તા.૨૯

૨૭ જાન્યુઆરીના દિવસે દક્ષિણ કાશ્મીરના પુલવામાં જિલ્લામાં ત્રાલ વિસ્તારના મિંડોરામાં હિઝબુલ મુઝાહિદીનના આતંકવાદીઓ સાથેની અથડામણમાં ૩૭ વર્ષીય કર્નલ મુનિન્દ્રનાથ રાય અને બે જવાનો શહીદ થયા હતા તેમજ આ જવાનોએ બે આતંકીઓને મારી નાખ્યા હતા. આજે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે દિલ્હીમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જેમાં સેનાધ્યક્ષ દલબીર સિંહ સુહાગે પણ હાજરી આપી હતી. તેમના પરિવારજનોએ દિલ્હીના કેન્ટ વિસ્તારના સ્મશાનગૃહમાં શ્રદ્ધાંજલિ આપી હતી. આ અંતિમયાત્રા વખતે કર્નલની દીકરીએ બહાદુરીપૂર્વક પિતાને અશ્રુભીની આંખે સેલ્યુટ કરીને અંતિમ વિદાય આપી હતી.

મિંડોરામાં આતંકવાદીઓ સાથે થયેલી અથડામણમાં કર્નલ એમ.એન. રાય ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર અર્થે



હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં તેઓ મૃત્યુ પામ્યા હતા. ઉલ્લેખનીય છે કે કર્નલ મુનિન્દ્રનાથ રાય ૭ ગોરખા રાઈફલ નામની ટુકડીમાં હતા અને ૪૨ આરઆરના કમાન્ડિંગ ઓફિસર હતા તેમને સોમવારના રોજ પ્રજાસત્તાક દિને વીરતા પુરસ્કારથી તેમજ યુદ્ધ સેવા મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. માત્ર ૩૭ વર્ષના કર્નલના પરિવારમાં તેની પત્ની બે દિકરીએ તેમજ પાંચ વર્ષનો દીકરો છે. આ જવાનોએ મરતા મરતાં પણ આતંકીઓનો ખાતમો બોલાવીને પોતાની ફરજ નિભાવી હતી.

**નેશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટની માંગણી**

# ૬૦ લાખના આવાસો પર પણ રાહત મળે તેવી માંગ

નવી દિલ્હી,તા. ૨૯

કેન્દ્રિય બજેટ આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે જુદા જુદા ક્ષેત્રો દ્વારા રજૂઆત કરવાનો સિલસિલો શરૂ થઈ ગયો છે. રિયાલિટી ક્ષેત્રના ટોચના સંગઠન નેશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા હવે સરકાર સમક્ષ કેટલીક માંગણી કરી છે. નારેડકો દ્વારા આવાસ ક્ષેત્રમાં માંગને પ્રોત્સાહન આપવા માટે આગામી બજેટમાં ૬૦ લાખ રૂપિયા સુધીના આવાસની કિંમતોમાં કરવેરામાં રાહત આપવાની જોરદાર માંગ કરી છે. આ ઉપરાંત અન્ય અનેક માંગ પણ કરવામાં આવી છે. નારેડકો સલાહકાર પરિષદના અધ્યક્ષ રોહતાસ ગોયલે કહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૨ સુધી તમામને આવાસ આપવાના સપનાને પૂર્ણ કરવા માટે આવકવેરા ધારાની કલમ ૮૦-૧ બી(૧૦) હેટળ બજેટમાં કરવેરા છુટછાટ આપવાની જોરદાર માંગ કરી છે. તેમણે કહ્યું છે કે મેટ્રો શહેરોના ૬૦ લાખ રૂપિયાની કિંમતવાળા ૧૦૦૦ વર્ગફુટ આવાસ એકમો અને બિન મેટ્રો શહેરોમાં એટલી જ આવક ધરાવનાર ૧૫૦૦ વર્ગફુટ બિલ્ટ અપ એરિયા માટે પણ કરવેરા છુટછાટ આપવાની સાથે સાથે લોન મેળવી લેવાની પ્રક્રિયાને સરળ કરવાની અપીલ કરી છે. ગોયલે કહ્યું છે કે અગાઉની યુપીએ સરકાર દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૩ના સામાન્ય બજેટમાં શરૂ કરવામાં આવેલી કલમ ૪૩સીએને રદ કરવાની પણ માંગ કરી છે અને કહ્યું છે કે સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા સર્કલ દરોના આધાર પર બજાર દરોને નક્કી કરવામાં આવે તે જરૂરી છે. સરકાર સમક્ષ સામાન્ય લોકોની ચિંતાને ધ્યાનમાં લઈને પગલા લેવાની માંગ કરવામાં આવી છે. રિયલ એસ્ટેટ ધારામાં સંતુલન જાળવી રાખવાની અપીલ કરવામાં આવી છે. તેમણે કહ્યું છે કે જમીનના ઉપયોગ, પર્યાવરણ, ખાણ અને મહત્તમ ઉંચાઈ જેવા મામલે લીલીઝંડી મળ્યા બાદ સિટી માસ્ટર પ્લાનને મંજૂરી મળવી જોઈએ. બજેટમાં કેટલીક નવી જોગવાઈ કરાય તેવી શક્યતા છે

# દિલ્હી ચૂંટણી : વારંવાર વચન કેજરીવાલે તોડ્યા


નવીદિલ્હી,તા. ૨૯

દિલ્હી વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે ભાજપે એએપી પર પ્રહાર વધુ તીવ્ર બનાવી દીધા છે. પત્રકાર પરિષદને સંબોધતા ભાજપના નેતા રાજીવ પ્રતાપ રુડીએ જાહેરાત કરી હતી કે, તેમની પાર્ટી આગામી દિવસોમાં અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ ઉપર એએપીને ખુલ્લી કરી દેશે. કેજરીવાલે વારંવાર તેમના વચનો તોડ્યા છે. તેમને દરરોજ પાંચ પ્રસ્નો કરવામાં આવશે. કેજરીવાલને આજે ઝેડ પ્લસ સુરક્ષાને લઈને પ્રશ્નો કરવામાં આવ્યા હતા. દિલ્હીના મુખ્યમંત્રી હતા ત્યારે ઝેડ પ્લસની સુરક્ષા લેવામાં આવી હતી. કેજરીવાલે મુખ્યમંત્રી તરીકેના તેમના ગાળા દરમિયાન શીલા દીક્ષિત સામે તપાસના આદેશ કરવાના તેમના વચનને પણ પાળી શક્યા ન હતા. એએપીના વડાએ તેમનું વલણ વારંવાર બદલ્યું છે. દિલ્હીમાં સરકારની રચના કરવા કોંગ્રેસનો ટેકો પણ લેવામાં આવ્યો હતો. શપથવિધિ કાર્યક્રમમાં એએપીના નેતાઓ મેટ્રોમાં બેસીને પહોંચ્યા હતા પરંતુ ત્યારબાદ તેઓએ એસયુવીનો ઉપયોગ કર્યો હતો. કેજરીવાલે પ્રવાસ માટે પ્રાઈવેટ જેટનો પણ ઉપયોગ કર્યો હતો. તેઓએ હંમેશા આની સામે વાંધો ઉઠાવ્યો હતો પરંતુ મોડેથી પ્રાઈવેટ જેટનો ઉપયોગ કર્યો હતો. એએપીના નેતા યોગેન્દ્ર યાદવે વળતા આક્ષેપ ભાજપ સામે કર્યા છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલા ભયભીત થવાનો ભાજપ પર આક્ષેપ કરવામાં આવ્યો છે. અગાઉ ભાજપે જાહેરાત કરી હતી કે, તે ચૂંટણી ઢંઢેરો જારી કરશે નહીં. દિલ્હી વિધાનસભાની ચૂંટણી નજીક પહોંચી ગઈ છે ત્યારે ભાજપ અને એએપી વચ્ચે એકબીજાને પછાડવાની રણનીતિ ઘડવામાં આવી રહી છે. હવે ભાજપે દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી ઢંઢેરો જારી નહીં કરવાનો નિર્ણય કર્યો છે. આના બદલામાં એએપીના નેતા અરવિંદ કેજરીવાલને દરરોજ પાંચ પ્રશ્નો પુછવામાં આવશે. ભાજપ પ્રમુખ અમિત શાહે પક્ષના વરિષ્ઠ સાથે સમીક્ષા બેઠક યોજી હતી જેમાં કેબિનેટ પ્રધાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય પાટનગરમાં પક્ષના વડા મથક ખાતે આ બેઠક યોજાઈ હતી.

# કાળા નાણા પ્રશ્ને મોદી લોકોને મુરખ બનાવે છે : રાહુલ ગાંધી

નવી દિલ્હી,તા. ૨૯

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને હાલમાં પ્રચારમાં વ્યસ્ત થયેલા રાહુલ ગાંધીએ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જોરદાર ઝાટકણી કાઢી હતી અને



કહ્યું હતું કે, તેઓ વિદેશી દેશોમાં રહેલા કાળા નાણાના મુદ્દે દેશના લોકોને મુરખ બનાવી રહ્યા છે. દિલ્હીના સિલમપુર ખાતે ચૂંટણી રેલીને સંબોધતા રાહુલે કહ્યું હતું કે, વડાપ્રધાને જાહેર નાણાનો દુરુપયોગ કર્યો છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામાની ભારત યાત્રા દરમિયાન મોદીએ ૧૦ લાખનો ડ્રેસ પહેર્યો હતો. પીએમના ડ્રેસમાં વડાપ્રધાનના નામનો પણ ઉલ્લેખ કરાયો હતો.

કાળા નાણાને પરત લાવવામાં નિષ્ફળતા બદલ તેમની ઝાટકણી કાઢતા કોંગ્રેસના નેતાએ મતદારોને અપીલ કરી હતી કે, મોદીએ દરેકના ખાતામાં ૧૫ લાખ રૂપિયા નાંખવાનું વચન આપ્યું હતું પરંતુ હજુ સુધી કોઈને કોઈ રકમ મળી નથી. આના બદલામાં મોદી ૧૦ લાખના કપડા પહેરી રહ્યા છે. ગરીબો માટે લડતને જારી રાખવાની જાહેરાત કરતા રાહુલે કહ્યું હતું કે જો તેમની પાર્ટી દિલ્હીમાં સત્તામાં આવશે તો પ્રથમ બાબત કોંગ્રેસના મુખ્યમંત્રી એ કરશે કે કોન્ટ્રાક્ટ પર રહેલા વર્કરોને કાયમી રોજગારી આપવામાં આવશે.

# વિદેશ સચિવ તરીકે સુજાતા સિંહની હકાલપટ્ટી થઈ ગઈ

નવીદિલ્હી,તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદેશ નીતિના મામલે તેમની પકડ વધારે મજબૂત બનાવી દીધી છે. મોદીએ આજે ભારતના હાઈએસ્ટ રેંકિંગ રાજદ્વારીની હકાલપટ્ટી કરી દીધી હતી અને તેમની જગ્યાએ નવી નિમણૂંક કરી હતી. વિદેશ સચિવ તરીકે સુબ્રમણ્યમ જયશંકરની નિમણૂંક કરવામાં આવી છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામાની ભારત યાત્રા સફળ રહ્યાના એક દિવસ બાદ આ નિર્ણય લેવાયો છે. વિદેશી બાબતો પર મોદીની પકડ હવે વધુ મજબૂત થઈ રહી છે. અગાઉની કોંગ્રેસ સરકાર દ્વારા નિમવામાં આવેલા વિદેશ સચિવ સુજાતાસિંહની હકાલપટ્ટી કરવામાં આવ્યા બાદ મોદીની ચારેબાજુ ટિકા થઈ રહી છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા આની ટિકા કરવામાં આવી છે. કોંગ્રેસે સુજાતાસિંહને દૂર કરવાના મોદી સરકારના નિર્ણયના સમય સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. ટ્વિટર ઉપર પૂર્વ માહિતી અને પ્રસારણ પ્રધાન મનિષ તિવારીએ પ્રશ્નો કરતા કહ્યું છે કે, દેવ્યાની અંગે તેમનું વલણ આના માટે જવાબદાર દેખાઈ રહ્યું છે. સરકારે બુધવારે મોડી રાત્રે સુજાતાસિંહને બદલી નાંખવાનો નિર્ણય કર્યો હતો. તેમની અવધિ આઠ મહિના કપાઈ ગઈ છે. સિંહ એ વખતે વિદેશ સચિવ હતા જ્યારે અમેરિકામાં દેવ્યાની ખોબરાગડેની ધરપકડ કરવામાં આવી હતી. જેના કારણે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો તીવ્ર બની ગયા હતા. બંને દેશો વચ્ચે સામસામે આક્ષેપબાજીનો દોર ચાલ્યો હતો. સુજાતાસિંહને બદલી નાંખવાના સરકારના નિર્ણય અંગે પ્રતિક્રિયા આપતા ભાજપે કહ્યું છે કે, આ કોઈ રાજકીય હિલચાલ નથી. તેમણે ઉમેર્યું હતું કે, સરકારે અધિકારીઓની નિમણૂંક લેવા તેના અધિકારની અંદર રહીને આ નિર્ણય કર્યા છે. આની પાછળ કોઈ રાજનીતિ રહી નથી. પક્ષના પ્રવક્તા નલિન કોહલી દ્વારા આ મુજબની પ્રતિક્રિયા આપવામાં આવી છે. કોહલીએ કહ્યું હતું કે, રાજકીય દ્વેષભાવથી મોદી સરકાર દ્વારા કોઈ નિર્ણય કરવામાં આવી રહ્યા નથી. તમામ નિર્ણય યોગ્ય રીતે લેવાયા છે.